‘સારવાર જોઈએ છે, પણ ગેસ નથી!’ દર્દીઓ વેઈટિંગમાં

વલસાડની સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં ગેસ કનેક્શનના અભાવે દર્દીઓને હાલાકી

હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા ૧૦૦થી ઘટીને ૨૦ થઈ ગઈ

આયુર્વેદિકમાં સ્ટીમ અને જડીબુટ્ટીના ઉકાળા બનાવવા ગેસની જરૂરિયાત રહેતી હોય છે

વલસાડ: વૈશ્વિક તણાવને કારણે દેશભરમાં સર્જાયેલી ગેસ સિલિન્ડરની અનિશ્ચિતતાની સ્થિતિમાં વલસાડની સરકારી આયુર્વેદિક હોસ્પિટલ પણ આવી ગઈ છે. ગેસના અભાવે અહીં દર્દીઓને અપાતી ‘સ્ટીમ’ અને ‘ઉકાળા’ જેવી પાયાની સુવિધાઓ ખોરવાઈ ગઈ છે. જેને પગલે હોસ્પિટલ તંત્રએ દર્દીઓની સંખ્યામાં ઘટાડો કરવાની ફરજ પડી છે.

વલસાડની આ સરકારી આયુર્વેદિક હોસ્પિટલ, જ્યાં દરરોજ મોટી સંખ્યામાં દર્દીઓ પોતાની વ્યાધિઓના ઈલાજ માટે આશા સાથે આવતા હોય છે. ખાસ કરીને પેરાલિસિસ (લકવા) ના દર્દીઓ માટે અહીંની ‘સ્ટીમ બાથ’ અને આયુર્વેદિક ‘ઉકાળા’ રામબાણ ઈલાજ સાબિત થાય છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી અહીંનું ચિત્ર બદલાઈ ગયું છે. ગેસ સિલિન્ડરના પુરવઠામાં થયેલા ઘટાડાના કારણે સારવાર પ્રક્રિયાઓમાં મોટો અવરોધ ઊભો થયો છે. આયુર્વેદિક પદ્ધતિમાં સ્ટીમ આપવા માટે અને જડીબુટ્ટીઓના ઉકાળા બનાવવા માટે ગેસની સતત જરૂરિયાત રહે છે. ગેસ વગર આ પ્રક્રિયાઓ શક્ય નથી. જો વધુ દર્દીઓને લેવામાં આવે તો તેમને ક્વોલિટી મુજબની સારવાર આપી શકાતી નથી. આ મજબૂરીને કારણે, જે હોસ્પિટલમાં પહેલા દરરોજ ૧૦૦ થી વધુ દર્દીઓની સારવાર થતી હતી, ત્યાં હવે માત્ર ૨૦થી ૩૦ દર્દીઓને જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. હોસ્પિટલ તંત્ર દ્વારા હવે દર્દીઓને ટોકન અથવા નંબર આપીને વારાફરતી બોલાવવામાં આવી રહ્યા છે. ગંભીર દર્દીઓને પ્રાથમિકતા આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે, પરંતુ ગેસની અછત એટલી ગંભીર છે કે ઈલેક્ટ્રિક સાધનો પણ પૂરતા સાબિત નથી થઈ રહ્યા. દૂર-દૂરથી આવતા દર્દીઓને સારવાર લીધા વગર જ પરત જવું પડી રહ્યું છે અથવા લાંબી રાહ જોવી પડી રહી છે.

સ્થાનિક વહીવટી તંત્ર અને હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા ઉપલી કક્ષાએ આ અંગે જાણ કરવામાં આવી છે. જો વહેલી તકે ગેસનો પુરવઠો પૂર્વવત નહીં થાય તો આગામી દિવસોમાં દર્દીઓની હાલાકીમાં વધારો થવાની ભીતિ સેવાઈ રહી છે. એક તરફ મોંઘી સારવાર અને બીજી તરફ આયુર્વેદમાં પણ આવી મુશ્કેલીઓ, સામાન્ય જનતા માટે હવે જાયે તો જાયે કહાં જેવી સ્થિતિ સર્જાઈ છે.

વલસાડમાં ગરીબોને ગેસ સિલિન્ડરો ન મળતા હોવાની રાવ

ઘોબી તળાવમાં અનેક ઘરોમાં રસોઈ બંધ, બહાર ખાવું પડી રહ્યું છે

વલસાડ: ગેસ સિલિન્ડરની સ્થિતિને લઈ વ્યવસાયિક ધોરણે ઉપયોગમાં લેવાતા ગેસ પર કાપ મુકાયો છે, પરંતુ હવે ઘરેલું વપરાશ માટે પણ સિલિન્ડર આપવામાં કસર થઈ રહી છે. જેને લઈ અનેક ઘરોમાં રસોઈ બની શકતી નથી અને તેમણે બહારનું ખાઈને પેટ ભરવું પડી રહ્યું છે.

વલસાડના ગ્રામ્ય વિસ્તારથી લઈ શહેરી વિસ્તારના સ્લમ એરિયામાં ગેસની પાઈપલાઈન ન હોય તેઓ સિલિન્ડર પર નભી રહ્યા છે.

આ તેમના સિલિન્ડર પૂરા થવા છતાં અછતના નામે તેમને સિલિન્ડર મળતા નથી. જેમના સિલિન્ડર વ્યાવસાયિક ધોરણે કાળા બજારમાં આપી દેવાતા હોવાની ગંધ આવી રહી છે. વલસાડ શહેરમાં એલપીજી સિલિન્ડરની અછતના કારણે અનેક ફરસાણની દુકાનોમાં ઉત્પાદન ઓછું થઈ ગયું છે. અનેક હોટેલોની હાલક કફોડી બની ગઈ છે, પરંતુ કેટલીક હોટેલો અને કેટલીક દુકાનો બિન્દાસ્ત રીતે ચાલી રહી છે.

વલસાડના ઘોબી તળાવ વિસ્તારમાં અનેક ઘરોમાં સિલિન્ડરો પૂરા થઈ ગયા છે. તેમને નવા સિલિન્ડર મળી શકતા નથી. જેના કારણે તેમના ઘરનો ચૂલો બંધ થઈ ગયો છે. રોજનું કમાઈને રોજ ખાનારા ગરીબ લોકોએ સસ્તા ખોરાક પર દિવસ કાઢવો પડી રહ્યો છે. ત્યારે આ અંગે પુરવઠા વિભાગ સત્વરે સજાગ બને અને ઘર વપરાશના સિલિન્ડરની અછત ન વર્તાઈ એ માટે પ્રયાસ કરે એ જરૂરી બન્યું છે.

વાપીમાં 1.13 લાખ મતદાર

મનપાના 13 વોર્ડમાંથી સૌથી વધુ મતદારો વોર્ડ નં.૨માં, સૌથી ઓછા ૧૧ નંબરના વોર્ડમાં નોંધાયા

ચૂંટણી એપ્રિલ અંતમાં અથવા મેના શરૂમાં યોજાય તેવી શક્યતા

વાપી: વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણીના પડઘમ સંભળાય રહ્યા છે. વાપી મહાનગરપાલિકાના વોર્ડ પ્રમાણે મતદારોની સંખ્યા સોમવારે જાહેર કરવામાં આવી હતી. વાપી મનપાના 13 વોર્ડમાં 1.13 લાખ મતદારો જાહેર થયા છે. જેમાં સૌથી વધુ મતદારો વોર્ડ નં.૨માં જ્યારે સૌથી ઓછા મતદારો ૧૧ નંબરના વોર્ડમાં નોંધાયા છે. વાપી મહાનગપાલિકા બન્યા બાજ ૧૧ ગામ તેમજ વાપી પાલિકાનો જૂના વિસ્તાર મળીને હવે 3 વોર્ડમાં 52 કોર્પોરેટરને ચૂંટવા માટે ચૂંટણી થશે.

સોમવારે જાહેર થયેલા વાપીના કુલ 13 વોર્ડમાં 1,13,095 મતદાર નોંધાયેલા છે. જેમાં પુરુષ મતદારો 60,492, સ્ત્રી મતદારો 52,600, અન્ય મતદારો 3 જોવા મળ્યા છે. વાપી મનપાની ચૂંટણી સંભવતઃ એપ્રિલના છેલ્લા સપ્તાહમાં કે મે મહિનાના પહેલા સપ્તાહમાં યોજાય તેવી સંભાવના દેખાય છે. 13 વોર્ડમાં 122 મતદાન મથકોની વ્યવસ્થા કરવામાં આવી છે. પહેલા સિમાંકન તેમજ વાર્ડની રચના ત્યાર બાદ હવે મતદારો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં જોઈએ તો વોર્ડ નંબર 2 માં સૌથી વધુ 12,707 મતદાર નોંધાયેલા છે. ત્યારબાદ વોર્ડ નંબર 5 માં 11,375 મતદાર છે. વોર્ડ નંબર 11 માં સૌથી ઓછા 5,475 મતદાર છે. વાપી મનપા દ્વારા શહેરના તમામ નાગરિકોને પોતાનું નામ વાપી મહાનગરપાલિકા મુખ્ય કચેરી, ચલા ઝોન કચેરી, તથા ડુંગરા ઝોન કચેરી ખાતે મતદાર યાદી કામકાજના કચેરીના સમયે ચકાસી શકાશે.

વોર્ડ વાઈઝ મતદારોની કુલ સંખ્યા

વોર્ડ	પુરુષો	સ્ત્રીઓ	અન્ય	કુલ
1	4314	4104	1	8419
2	6813	5894	0	12707
3	4985	3662	0	8647
4	4282	3625	0	7907
5	5922	5453	0	11375
6	5128	4637	0	9765
7	3595	3589	0	7184
8	4982	4693	0	9675
9	4281	4002	0	8283
10	4730	3904	2	8636
11	3011	2464	0	5475
12	4526	3663	0	8189
13	3923	2910	0	6833
	60492	52600	3	113095

ગુજકેટ: વલસાડ જિલ્લામાં 7 હજાર વિદ્યાર્થીઓ નોંધાયા

વલસાડ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા 29 માર્ચે લેવાનારી ગુજરાત કોમન એન્ટ્રાન્સ ટેસ્ટ(ગુજકેટ) માં વલસાડ જિલ્લામાં 7000 વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં ગુજરાતી માધ્યમના 2775 અને અંગ્રેજી માધ્યમમાં 4178 વિદ્યાર્થીઓ નોંધાયા છે. 352 બ્લોક, 29 બિલ્ડિંગોમાં લેવાનારી પરીક્ષાઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન કરવા માટે વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ.રાજશ્રી ટંડેલના માર્ગદર્શન હેઠળ કામગીરી હાથ ધરાઈ છે. પરીક્ષા માટે પોલીસ વિભાગનો સ્ટાફ 121, જિલ્લા શિક્ષણ અધિકારીઓનો સ્ટાફ 6, ઝોન કચેરીનો સ્ટાફ 6, સરકારી પ્રતિનિધિ 30, કેન્દ્ર સંચાલક 29, 116 સેવકો અને 58 આરોગ્ય કર્મચારીઓ ફરજ બજાવશે.

રોહિયાળ તલાટ નજીક કોલક નદીના પુલ પર ગાબડું

વલસાડ: કપરાડાના મનાલા થઈને રોહિયાળ તલાટ માની ફળિયા થઇ સિલધા રોડ તરફ જતાં માર્ગ ઉપર આવેલી કોલક નદીના પુલ ઉપર ડામર નીકળી જઈ સળિયા દેખાતા થઈ ગયા હતા. આ પુલ આશરે 12 વર્ષ અગાઉ બન્યો હતો. ઉપરથી વિસ્તારના 30થી વધુ ગામોના હજારો લોકો માટે બહુ ઉપયોગી સાબિત થઈ રહ્યો છે. જોકે હાલ બ્રિજ પર મસમોટુ ગાબડું પડી જતાં લોકોમાં ભય ઊભો થયો છે. ઘટનાની જાણ થતાં આમ આદમી પાર્ટીના આગેવાન જયેન્દ્ર ગાંવિતે ત્વરિત કપરાડા સ્થિત માર્ગ મકાન વિભાગને જાણ કરતાં અધિકારીઓ દોડતા થયા હતા. પુલની પૂરતી ચકાસણી કરવા માંગ ઊઠી છે.

ચલાની સગીરાએ તેરમા માળેથી કૂદી મોતને વહાલું કર્યું

વાપી: વાપીના ચલા વિસ્તારમાં એક સગીરા 13મા માળેથી ઝંપલાવી મોતને વ્હાલું કર્યું હતું.

વાપી નજીકના ચલા વિસ્તારમાં રહેતા પરિવારની સગીર દિકરીએ બાજુમાં આવેલ એક સોસાયટીના 13 મા માળના ટોપ ફ્લોર પર પહોંચી કૂદી પડી હતી અને તેનું મોત નીપજયું હતું. આ બનાવની જાણ સોસાયટીના સિકયુરિટીને થઈ હતી અને ત્યારબાદ પરિવારજનોને કરવામાં આવી હતી. ઘટના સ્થળે વાપી ટાઉન પોલીસ ટીમ પણ પહોંચી હતી. સગીરાનું મોતનું કારણ અકબંધ રહ્યું હતું. આ બનાવ અંગેની જાણ વાલીએ વાપી ટાઉન પોલીસ મથકે કરી હતી.

પાંજરામાં પુરાતા દીપડી બે બચ્ચાંથી વિખૂટી પડી

સીસીટીવીમાં બે બચ્ચાં દેખાતાં તંત્ર શોધમાં લાગ્યું

આસીફ શેબ

ધરમપુર: રાજપુરી તલાટ ગામે છેલ્લા ૧૦ મહિનાથી દિપડો વારંવાર જોવા મળતા ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો હતો. વન વિભાગે મામલો ગંભીરતાથી લઈ ગામ વિસ્તારમાં પાંજરું ગોઠવ્યું હતું. રવિવારે સવારે ૪થી ૫ વર્ષ વયની દિપડી પાંજરામાં ઝડપાઈ હતી. ટ્રેપ કેમેરામાં આ દિપડાની સાથે તેના બે નાના બચ્ચાઓ પણ જોવા મળ્યા હોવાનું સામે આવ્યું છે. વન વિભાગે તરત જ કાર્યવાહી કરી દિપડીનું રેસ્ક્યુ કરી સુરક્ષિત રીતે રાખી છે. આરએફઓ હિરેનભાઈએ જણાવ્યું હતું કે, હાલ બચ્ચાઓની શોધખોળ માટે ટીમ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. બચ્ચાઓ મળી આવ્યા બાદ જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવશે.

ટ્રેનમાં ચોરને મુસાફરોએ મેથીપાક આપ્યો

વલસાડ: ટ્રનોમાં ચોરીની ઘટનાઓ વધી રહી છે, જેમાં વલસાડથી પસાર થતી એક્તાનગર એક્સપ્રેસમાં બે મુસાફર પાસેથી મોબાઈલ,રોકડા ચોરતો યુવક પકડાઈ ગયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, મુંબઈમાં રહેતા મનોજભાઈ મિસાલ તેમના પત્ની સાથે મુસાફરી કરી રહ્યા હતા. ત્યારે શાહનવાજ હૈદરઅલી શેખ (ઉં.વ.18, રહે., લિંબાયત પોલીસ ચોકી પાછળ, ઉધના, સુરત) મોબાઈલ અને રોકડાની ચોરી કરતા પકડાયો હતો. આ ચોર ગાયત્રી શ્યામ ડાંગરે (રહે., મુંબઈ) નામના અન્ય મુસાફરના પણ સામાનમાંથી રોકડા ચોરી કરી ગયો હોવાનું બહાર આવ્યું હતું. જેના પગલે મુસાફરોએ તેને પકડી મેથીપાક આપ્યો અને તેને આરપીએફને સોંપ્યો હતો. તેણે ટ્રેનમાંથી મોબાઈલ અને રૂ. 23,900 મળી કુલ રૂ. 41,900ની ચોરી કરી હતી. જેની વિરૂદ્ધ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

CMના હસ્તે વલસાડમાં કચ્છી ભાનુશાલી સમાજના શ્રી ઓધવ ભવનનું લોકાર્પણ

વલસાડ: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ વલસાડ દ્વારા આયોજિત સદગુરુ ભગવાન શ્રી વાલરામ પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવમાં ઉપસ્થિતિ આપી કચ્છી ભાનુશાલી સમાજના નવનિર્મિત મલ્ટી સ્પેશિયાલિટી હોલ શ્રી ઓધવ ભવનનું લોકાર્પણ કર્યું હતું. શ્રી ઓધવ ભવનના નિર્માણથી સમાજના લોકોને આધુનિક સુવિધાઓ ઘરઆંગણે મળી રહેશે. લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઓધવ ભવનના સૌ દાતાઓ અને શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટને અભિનંદન પાઠવ્યા હતાં. ગુરૂશ્રી ઓધવરામજીએ પણ તેમના સમયમાં સામાજિક સમરસતાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, મંત્રી નરેશ પટેલ, સાંસદ ધવલ પટેલ, ધારાસભ્યો ભરત પટેલ, અરવિંદ પટેલ, જીતુ ચૌધરી, સમાજના ગુરુશ્રી હરિદાસજી મહારાજ, ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી સોનલ સોલંકી, વલસાડ જિલ્લા સંગઠન મંત્રી હેમંત કંસારા, કલેક્ટર ભવ્ય વર્મા, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ વલસાડના પ્રમુખ કાંતિભાઈ ભદ્રા સહિત ભાનુશાલી સમાજના અગ્રણીઓ, દાતાઓ સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

પારડી પોણિયા ક્રિકેટ ટુર્નામેન્ટમાં જય ભવાની ટીમ વિજેતા

અમૃત પટેલ

પારડી: પારડીના ડુંગરી ગામે શ્રી રામ ક્રિકેટ ગ્રાઉન્ડ પર પોણીયા ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન 5નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં કુલ 8 ટીમે ભાગ લીધો હતો. બે દિવસીય ચાલેલી ટુર્નામેન્ટની શરૂઆત પારડીના પી.આઈ. જી.આર. ગઢવીએ કરાવી હતી. ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઇનલમાં જય ભવાની ઇલેવન અને જય બજરંગ ઇલેવન ટીમ વચ્ચે રોમાંચક મુકાબલા બાદ જય ભવાની ટીમ ફાઇનલ મેચમાં વિજેતા બની હતી. જ્યારે જય બજરંગ ટીમ રનરઅપ રહી હતી. આ ટુર્નામેન્ટમાં નગરપાલિકા પ્રમુખ ચેતન નાયકા, પાલિકા વોર્ડ નં.6 ના સભ્ય જીગ્નેશ આહીર, ડુંગરી ગામના સરપંચ રવિન્દ્ર પટેલ, ડેનિસ આહિર સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ધરમપુરમાંથી દારૂ ભરેલી કાર ઝડપાઈ

ધરમપુર: ધરમપુર પોલીસે પંગારબારીથી શીશુમાળ રોડ ઉપર ચેકિંગ દરમ્યાન દારૂ ભરેલી રેનોલ્ટ ડસ્ટર કાર ઝડપી પાડી હતી. કાર પર ખોટી નંબર પ્લેટ લગાડવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે રૂ.3.22 લાખના દારૂ સાથે કુલ રૂ.5.07 લાખની મતા કબજે કરી રાજેશ ઉર્ફે રાજુ દેરમારામ બિશ્નોઇ (ઉ.વ.૨૯)ને ઝડપી પાડ્યો છે. સેલવાસથી કામરેજ (સુરત) તરફ દારૂ લઈ જઈ રહ્યો હતો. આ ઘટનામાં જબ્બરસિંહ અને અજાણ્યાને વોન્ટેડ જાહેર કરાયા છે.

નવસારી રેલવે સ્ટેશને ખિસ્સામાંથી 12 હજાર સેરવાયા

વલસાડ: ટ્રેનોમાં ચોરીની ઘટનાઓ અટકતી નથી. બીજી તરફ હવે સ્ટેશન પર પણ ચોરીઓ થવા લાગી છે. એક પાકીટમારે કાનપુર સુપરફાસ્ટમાં જનરલ કોચમાં ગરદીનો લાભ લઈ એક મુસાફરના ખિસ્સામાંથી રોકડા રૂ. 12 હજાર સેરવી લીધા હતાં. ઘાટકોપર રહેતા જયંતિલાલ જૈન નવસારી સ્ટેશનથી બોરીવલી જવા માટે કાનપુર સુપરફાસ્ટ એક્સપ્રેસમાં ચઢ્યા હતા. ત્યારે કોઈ પાકીટમારે તેમના ખિસ્સામાં મુકેલા રોકડા રૂ.12 હજાર સેરવી લીધા હતા. રેલવે પોલીસ થકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.

અતુલ અને ઉમરસાડીમાં થયેલી ઘરફોડ ચોરીમાં સુરતથી બે ઝડપાયા

હાઈવે નજીકનાં બંધ ઘરોને ટોળકી નિશાન બનાવતી હતી

વલસાડ: વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પોલીસે વલસાડના અતુલ વિસ્તારમાં થયેલી રૂ.10.79 લાખની ચોરી અને પારડીના ઉમરસાડી વિસ્તારમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી કાઢી સુરતના લાજપોર વિસ્તારમાંથી બે આરોપીને ઝડપી પાડ્યા છે, જ્યારે એક આરોપી હજી ફરાર છે.

તા. 2 માર્ચ 2026ના રોજ વલસાડના અતુલ વિસ્તારમાં આવેલા અસીમા સોસાયટીમાં બંધ બંગલામાંથી અજાણ્યા ઈસમો સોના-ચાંદીના દાગીના, હીરા-મોતી, પ્લેટિનમ તેમજ રોકડ રકમ અને વિદેશી ચલણ સહિત કુલ રૂ.10.79 લાખથી વધુની ચોરી કરી નાસી ગયા હતા. આ ઉપરાંત, પારડીના ઉમરસાડી વિસ્તારમાં પણ આશરે રૂ.1.50 લાખની ચોરીનો બનાવ બન્યો હતો. તપાસના અંતે પોલીસે અનિશ અબ્દુલ નિયાઝ શેખ (ઉં.વ.42, ઉત્તરપ્રદેશ) અને મોહમ્મદ સુહેબ અનવર બશા (ઉં.વ.24, કર્ણાટક)ને સુરતના લાજપોર વિસ્તારમાંથી ઝડપી પાડ્યા છે. આરોપીઓએ અન્ય એક સાથી સાથે મળી હાઈવે નજીકના બંધ મકાનોને નિશાન બનાવી ચોરીઓ આચરી હતી. ચોરીમાં મળેલા દાગીના ઉત્તરપ્રદેશમાં વેચી દેવામાં આવ્યા હતા અને વિદેશી ચલણ લખનઉમાં એક્સચેન્જ કરાવાયું હતું.

પોલીસે આરોપીઓ પાસેથી રૂ.5.15 લાખની કિંમતની વોક્સવેગન વેન્ટો કાર, મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓને વધુ તપાસ માટે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.

દમણમાં લાઈસન્સ વિના ચાલતી 10 દુકાન સીલ

દમણ નગરપાલિકા દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરાઈ



દમણ: સંઘપ્રદેશ દમણ નગરપાલિકા દ્વારા પાલિકા ક્ષેત્રમાં વગર લાઈસન્સ વિના ધંધો કરતી 10 જેટલી દુકાનને સીલ મારવાની કાર્યવાહી કરી છે. પાલિકાએ પાલિકા અધિકારીક ક્ષેત્રમાં જેટલી પણ વ્યવસાયિક દુકાનો કે પછી અન્ય એકમો આવેલા છે, તેના લાઈસન્સની ચકાસણી શરૂ કરી હતી. જેમાં 8 થી 10 જેટલી દુકાનો પાલિકાના જરૂરી લાઈસન્સ વિના જ ધમધમી રહી હતી. જે ધ્યાન પર આવતા જ પાલિકાની ટીમ દ્વારા આજરોજ 10 દુકાનને સીલ મારવાની કાર્યવાહી કરી હતી.

વલસાડ રામજી ટેકરાના ધારા એપાર્ટમેન્ટમાં ભીષણ આગ

ફ્લેટનો ઘરવખરીનો સામાન બળીને ખાખ

વલસાડ: વલસાડના રામજી ટેકરા વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં અચાનક આગ ફાટી નીકળતા સ્થાનિકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

વલસાડના રામજી ટેકરા વિસ્તારમાં આવેલા ‘ધારા એપાર્ટમેન્ટ’ના પહેલા માળે આવેલા રૂમ નંબર 106 માંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગતા લોકો જીવ બચાવવા માટે એપાર્ટમેન્ટની બહાર દોડી આવ્યા હતાં. ઘટનાની જાણ તાત્કાલિક વલસાડ ફાયર વિભાગને કરવામાં આવી હતી. ફાયર ફાઈટરોની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સમયસર પહોંચેલી ફાયરની ટીમે આગને વધુ પ્રસરે તે પહેલા જ ઠારી દીધી હતી, જેના કારણે મોટી હોનારત ટળી હતી. આ ભીષણ આગમાં ઘરવખરીનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો છે. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાનિ થઈ નથી.

દમણમાં ભંગારના ગોડાઉનમાં આગ

નજીકની ચાલના રહીશો ગેસ સિલિન્ડર, સામાન બચાવવા દોડ્યા

દમણ: સંઘપ્રદેશ દમણના દલવાડા ગામમાં આવેલા એક ભંગારના ગોડાઉનમાં લાગેલી આગમાં તમામ ભંગારનો સામાન બળીને ખાખ થઈ જવા પામ્યો છે.

દમણના દલવાડા વૈદિક ડેન્ટલ કોલેજની પાછળના ભાગે અજય નરોત્તમભાઈ પટેલની જગ્યામાં પરાગ નામનો વ્યક્તિ ભંગારનું ગોડાઉન ચલાવી રહ્યો હતો. જ્યાં આજરોજ બપોરના 12 વાગ્યા પછીના સમયે ગોડાઉનમાં અચાનક આગ લાગી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આખું ભંગારનું ગોડાઉન આગમાં ભળભળ બળવા લાગ્યું હતું. આગની જ્વાળામાંથી નીકળતો કાળો ધુમાડો દૂર સુધી આકાશમાં જોવા મળ્યો હતો. બનાવને પગલે ગોડાઉનની આસપાસ ચાલીમાં રહેતા પરપ્રાંતિય લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. સાથે અમુક લોકોએ ચાલના રૂમમાં મુકેલા ગેસ સિલિન્ડર તથા અન્ય ઘરવખરીનો મહત્ત્વનો સામાન લઈને સુરક્ષિત સ્થળે જતાં જોવા મળ્યા હતા. આગ લાગવાની જાણ થતાં દોડી આવેલી સોમનાથ ફાયર વિભાગની 4 ટીમ તથા મોટી દમણ ફાયર વિભાગની 1 ટીમે 2 કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ આગની ઘટનામાં ભંગારના ગોડાઉનમાં રાખવામાં આવેલા પુંઠા અને પ્લાસ્ટિકનો રદ્દી સામાન બળીને ખાખ થઈ જવા પામ્યો હતો. જ્યારે ગોડાઉનની બરાબર બાજુમાં ચાલમાં રહેતા પરપ્રાંતિય લોકોના બાથરૂમના પાઈપ પીગળી ગયા હતા. આગ શોર્ટ સર્કિટના કારણે અથવા તો ભંગારના સામાનમાં કોઈ જ્વલંનશીલ પદાર્થમાં ગરમી વધી જતાં આગ ભભૂકી ઊઠી હોય તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ઘટનામાં કોઈને પણ ઈજા કે જાનહાનિ ન થતાં મોટી ઘટના ટળી જવા પામી છે.